જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૨/૨૦૧૮ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૪૯૬/૧૮

**ચેઈન સ્નેચિંગ, લુંટ, વાહનચોરી તથા ઘરફોડ ચોરીના રીઢા બે આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી કઠલાલ, વેજલપુર તથા સરખેજ પોલીસ સ્ટેશનના ત્રણ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢતી નારોલ પોલીસ**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સાહેબ તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ કરેલ સુચના અને માર્ગદર્શન હેઠળ આજરોજ પોલીસ ઈન્સપેકટરશ્રી આર.એ.જાદવ સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ એ.જી.બ્રિદ સાહેબ તથા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમાં હતા અને પેટ્રોલિંગ દરમ્યાન કલાક ૧૯/૦૦ વાગે નારોલ સર્કલ પાસે આવતાં સાથેના અ.હે.કો.ઈન્દ્રજીતસિંહ ભુપતસિંહ તથા અ.પો.કો.વિરેન્દ્રસિંહ રૂપસિંહ નાઓએ સંયુકત બાતમી હકિકત આપેલ કે "એક કાળા કલરના પલ્સર મો.સા.ઉપર બે ઈસમો ચેઈન સ્નેચિંગ અગર ચોરી કરી અસલાલી સર્કલ તરફથી આવી નારોલ સર્કલ થઈ જુહાપુરા તરફ જવાના છે. જેમાં પલ્સર મો.સા.ચલાવનાર ઈસમે શરીરે ગ્રે કલરનુ જેકેટ તથા વાદળી કલરનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે તથા પાછળ બેઠેલ ઈસમે મરુન કલરનુ જેકેટ તથા વાદળી કલરનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે" જે બાતમી આધારે સદરી ઈસમોની વોચમાં રહી બે ઈસમો નં.(૧) મજન ઉર્ફે મજર ઉર્ફે મઝરખાન સિકન્દરખાન જાતે મન્સુરી ઉ.વ.૩૦ ધંધો.છુટક મજુરીકામ રહે.મીઠન સૈયદની ચાલી, બરફીવાલા હોલની પાસે, ભવન્સ કોલેજની બાજુમાં ખાનપુર શાહપુર અમદાવાદ શહેર તથા નં.(૨) મહંમદ અવેશ ઉર્ફે મહંમદ ઉવેશ ઉર્ફે ભુરા યુસુફભાઈ ઉર્ફે યુનુસ જાતે શેખ ઉ.વ.૨૨ ધંધો.રિક્ષા ડ્રાઈવીંગ રહે.મ.નં.૪, હુસૈનીપાર્ક, વિભાગ-૨, બરફની ફેકટરી પાસે, સાહેમા ડુપ્લેક્ષની પાછળ, જુહાપુરા વેજલપુર અમદાવાદ શહેરનાઓની અંગઝડતીમાંથી મળી આવેલ સોનાની ચેઈન – ૧ કિ.રૂ.૧૮૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૧ કિ.રૂ.૮,૦૦૦/- તથા પલ્સર મો.સા.નં.જીજે-૦૧-એફઝેડ-૩૮૬૯ કિ.રૂ.૫૦,૦૦૦/- ગણી કુલ્લે કિ.રૂ.૭૬૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ ધી સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરી તા.૨૫/૧૨/૧૮ ના કલાક ૨૦/૩૦ વાગે CRPC કલમ ૪૧(૧)ડી મુજબ પકડી અટક કરી ઉપરોકત બંને આરોપીઓની સઘન પુછપરછ કરતાં અગાઉ ચેઈન સ્નેચિંગ, ઘરફોડ ચોરી તથા વાહનચોરીના સાતથી આઠ ગુનાઓ આચરી પાસા ભોગવેલ હોવાનુ જણાવેલ અને પચ્ચીસ દિવસ અગાઉ પલ્સર મો.સા.ની ચોરી કરી તે મો.સા. સાથે ચેઈન સ્નેચિંગ તથા મોબાઈલ ફોનની લુંટ કરેલાની કબુલાત કરેલ હોય જે બાબતે તપાસ કરતાં (૧) કઠલાલ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં. ૧૪૧/૧૮ ઈપીકો કલમ ૩૯૨, ૧૧૪ તથા (૨) વેજલપુર પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૧૮૬/૧૮ ઈપીકો કલમ ૩૭૯ તથા (૩) સરખેજ પો.સ્ટે.મોબાઈલ લુંટનો ગુનાઓ શોધી કાઢી બહારના પો.સ્ટે.ના ત્રણ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

## <u>નારણપુરા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૫૩૬/૨૦૦૮ ઈપીકો કલમ ૩૮૦,૪૬૫,૪૬૭,૪૬૮,૧૧૪ મુજબના કામે છેલ્લા નવ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી નારણપુરા પોલીસ</u>

મે. પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર સાહેબના હુકમ આધારે મે. સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સે-૧ સાહેબ નાઓ દ્રારા રાખવામા આવેલ નાસતા ફરતા આરોપીઓ પકડવાની ડ્રાઈવ અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "બી" ડિવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જે.આર.પટેલ નાઓના સીધા સુપરવીઝન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના અ.હે.કો. પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા હેડ.કોન્સ નરેન્દ્રસિંહ બચુભા બ.નં.૮૮૮૮, પો.કોન્સ. યોગેંદ્રસિંહ હઠીસિંહ બ.નં. ૯૩૨૭ પો.કોન્સ. ભરતસિંહ હિમ્મતસિંહ બ.નં.૩૩૫૯, પો.કો. ક્રિપાલસિંહ સજ્જનસિંહ બ.નં.૩૨૨૩, પો.કો. કેશરીસિંહ ચંદુભાઈ બ.નં.૫૯૩૩, પો.કો. સરદારસિંહ ભરતસિંહ બ.નં.૬૮૩૩, પો.કો. વાલસિંહ જીતેંદ્રસિંહ બ.નં.૧૦૨૧૮, પો.કો. જયંતીભાઈ વિરમભાઈ બ.નં.૬૭૮૪ નાઓ નાસતા ફરતા આરોપીઓની તપાસમા હતા દરમ્યાન ખાનગી બાતમી આધારે અત્રેના પોલીસ સ્ટેશનના ઉપરોક્ત ગુનાના કામે છેલ્લા નવ વર્ષથી નાસતા ફરતા આરોપી નામે મનીષસિંહ સ/ઓ શંભુજી જાતે-ચાવડા રહે- ગામ: મેઉ (મુલસણ) તા.જી.મહેસાણા નાઓને આજરોજ તા.૨૫/૧૨/૧૮ ના કલાક ૨૨/૦૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

## <u>છરી બતાવી મોબાઇલ લુટ કરતા ઇસમને પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ</u>

સંયુક્ત પોલીસ કમિ.શ્રી સેક્ટર-૧ સા.શ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સા.શ્રી તથા એ.સી.પી સા.શ્રી. "ઇ" ડિવિઝન તથા ગા.હવેલી પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા સા.શ્રી તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમા બનતા મિલકત સબંધી ગુન્હા અટકાવવા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કો દિલીપભાઇ કુબેરભાઇ બ.ન ૬૦૧૩ તથા અ.લો.ર. સુરેન્દ્રસિંહ અમૃતસિંહ બ.નં.૧૧૯૦ નાઓએ મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે વોચ ગોઠવી ફ.ગુ.ર.નં.૧૬૫/૨૦૧૮ આઇ.પી.સી કલમ-૩૨૪,૩૯૨,૩૯૭,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબના કામે આરોપી નામે એઝાજહુસેન ઉર્ફે ઠઠો S/O બાકરહુસેન મોમીન ઉ.વ.૨૦ રહે. મ.નં.૨૯ ગુલમહોર સોસાયટી બીબી તળાવની બાજુમા અલમુર્તુજા હાઉસીગની પાસે વટવા અમદાવાદ શહેર નાઓને પકડી સદરી આરોપી પાસેથી સદરી ગુન્હાના કામે લુટી લીધેલ ફરીશ્રીનો સેમસંગ કંપનીનો મોબાઇલ જે-૭ મોડલનો જેની કિ.રૂ.૭૦૦૦/- ની ગણી શકાય તથા એક પ્લાસ્ટીકાના હાથાવાળી છરી જેની કિ.રૂ.૦૦/- ની તપાસ અર્થે કબ્જે કરી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી સદરી બાબતે દાખલ થયેલ ગુન્હો ગણતરીના કલાકમા ડિટેક કરી સારી કામગીરી કરવામા આવેલ છે

## છેલ્લા સત્યાવીસ (૨૭) વર્ષથી મર્ડરના ગુનામાં નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી ગોમતીપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ હાલમાં નાસતા-ફરતા આરોપીઓને પકડવા સારૂ મળેલ સુચના આધારે

આજરોજ પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એસ.આઇ.રઇશ તથા હેકો વિક્રમભાઇ સાજણભાઇ બ.નં.૮૦૩૩ તથા હેકો દેવીદાસ વિરભાણ બ.નં.૯૩૩૯ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન હેકો વિક્રમભાઇ સાજણભાઇ બ.નં.૮૦૩૩ તથા હેકો દેવીદાસ વિરભાણ બ.નં.૯૩૩૯ નાઓની બાતમી આધારે ગોમતીપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૫૦૧/૧૯૯૨ ધી ઇપીકો કલમ ૩૦૨ ૧૧૪ તથા બી.પી.એક્ટ કલમ ૧૧૪ તથા ટાડા એક્ટ કલમ ૩ ૫ મુજબના ગુનામા નાસતો-ફરતો આરોપી બજરૂજમા ઉર્ફે કલર સ/ઓ મહમદ ઇસરાઇલ મહમદ ઇસ્માઇલ અંસારી ઉ.વ.૫૬ રહે.મ.નં.૪૬૨ પતરાની ચાલી અંસાર મહોલ્લા બાગેફીરદોશ રોડ ખંડુપાડા ભિવંડી જીલ્લો: થાણે મહારાષ્ટ્રા તથા કસાઇની ચાલી પુજારીની ચાલીની સામે હરીજન ક્વોટર્સની પાસે કામદાર મેદાન ગોમતીપુર અમદાવાદ શહેર નાનો મળી આવેલ હોય સદરી ઇસમને ઉપરોક્ત ગુનાના કામે આજરોજ તા.૨૫/૧૨/૨૦૧૮ ના કલાક: ૨૧/૦૦ વાગે પકડી અટક કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.તા.૨૫/૧૨/૨૦૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.